| | |
|---|---|
| **Headline:** NIFTY 50 index is the most traded derivative globally | |
| **Source:** Gujarat Samachar | **Date:** 13 May 2016 |



# નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ વિશ્વમાં સૌથી વધુ ટ્રેડ થતો ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ બન્યો

મુંબઈ, તા. ૧૨

નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ એ સમગ્ર વિશ્વમાં સૌથી વધુ સક્રિય રીતે ટ્રેડ થતો ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ છે તેમ વર્લ્ડ ફેડરેશન ઓફ એક્સચેન્જીસ એન્ડ ઈન્ટરનેશનલ ઓપ્શન માર્કેટ એસોસીએશન દ્વારા ૨૦૧૫ના વર્ષ માટે ડેરિવેટિવ્ઝ માર્કેટ પરના એક સર્વેમાં જણાવ્યું હતું.

આ સર્વેમાં જણાવ્યા મુજબ ૨૦૧૫માં સ્ટોક ઈન્ડેક્સ ઓપ્શન કોન્ટ્રેક્ટ તેમજ નિફ્ટી ૫૦ દ્વારા ૭૯ ટકાની હાઈએસ્ટ વાર્ષિક વૃદ્ધિ નોંધાવી હતી.૨૦૧૫ દરમિયાન સિંગલ સ્ટોક ફ્યુચર્સ કોન્ટ્રાક્ટ ટ્રેડ કરતા ટોપ ટેન એક્સચેન્જમાં એનએસઈ બીજા ક્રમે આવેલ છે. આ સર્વેમાં લોંગ ટર્મ ઈન્ટરેસ્ટ રેટ ડેરિવેટિવ્ઝમાં પણ એન.એસ.ઈ. ટોપ પોઝિશન પર ઉભરી આવેલ છે.ફ્યુચર્સ ઈન્ડસ્ટ્રી એસોસીએશન દ્વારા પણ આ પ્રકારના હાથ ધરાયેલા એક સર્વેમાં એનએસઈ ૬૧.૨ ટકાની વૃદ્ધિ સાથે ૩.૦૩ અબજ કોન્ટ્રાક્ટ સાથે બીજા ક્રમે ઉભરી આવ્યું હતું. આ યાદીમાં પ્રથમ ક્રમાંકે સીએમઈ ગૃપ અને ત્રીજા ક્રમાંકે યુરેક્સ રહ્યું હતું.

## લોંગટર્મ ઈન્ટરેસ્ટ રેટ ડેરિવેટિવ્ઝમાં પણ ટોપ પોઝિશન પર બેસેલું એનએસઈ